# આવકવેરાના સત્તાવાળાઓ

## વહીવટી વ્યવસ્થાતંત્ર

- નાંણાપ્રધાન
- સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ
- ડિરેક્ટર્સ-જનરલ ઓફ ઇન્કમટેક્ષ અથવા ચીફ કમિશનર્સ ઓફ ઇન્કમટેક્ષ
- ડિરેક્ટર્સ ઓફ ઇન્કમટેક્ષ અથવા કમિશનર્સ ઓફ ઇન્કમટેક્ષ
- જોઇન્ટ ડિરેક્ટર્સ ઓફ ઇન્કમટેક્ષ અથવા જોઇન્ટ કમિશનર્સ ઓફ ઇન્કમટેક્ષ
- ડેપ્યુટી ડિરેક્ટર્સ ઓફ ઇન્કમટેક્ષ અથવા ડેપ્યુટી કમિશનર્સ ઓફ ઇન્કમટેક્ષ
- આસિસ્ટન્ટ ડિરેક્ટર ઓફ ઇન્કમટેક્ષ અથવા આસિસ્ટન્ટ કમિશનર ઓફ ઇન્કમટેક્ષ
- ટેઇન્કમટેક્ષ ઓફિસર્સ
- ટેક્ષ રિકવરી ઓફિસર્સ
- ઇન્સપેક્ટર્સ ઓફ ઇન્કમટેક્ષ

## ન્યાયકીય વ્યવસ્થાતંત્ર

- સુપ્રીમ કોર્ટ
- હાઇ કોર્ટ
- એપેલેટ ટ્રિબ્યુનલ
- કમિશનર્સ ઓફ ઇન્કમટેક્ષ (અપીલ્સ)
- એડિશનલ કમિશનર ઓફ ઇન્કમટેક્ષ (અપીલ્સ)
- ડેપ્યુટી કમિશનર ઓફ ઇન્કમટેક્ષ (અપીલ્સ)
- ઇન્કમટેક્ષ ઓફિસર(અપીલ્સ)
- સેટલમેન્ટ કમિશન

## (1) કરવેરાનું મધ્યસ્થ બોર્ડ (સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ- C.B.D.T)-

આ બોર્ડ આવકવેરા કાયદાનો વહીવટ અને અમલ કરવા માટેની સર્વોચ્ચ સંસ્થા છે.જે મધ્યસ્થ સરકારના નાણાંખાતા સાથે ઘનિષ્ટ સંપર્કમાં રહી પોતાની કામગીરી કરે છે.આ બોર્ડ 1963ના સેન્ટ્રલ બોર્ડ ઓફ રેવન્યૂ એક્ટથી રચવામાં આવ્યું છે.આ બોર્ડ એક ચેરમેન અને છ સભ્યોનનું બનેલું હોય છે.ચેરમેનની નિમણૂંક મધ્યસ્થ સરકાર કરે છે. અને અન્ય સભ્યોની નિમણૂંક ચેરમેનની ભલામણ મૂજબ મધ્યસ્થ સરકાર કરે છે.

### આ બોર્ડની મુખ્ય સત્તાઓ નીચે મુજબ છે.

i. કલમ 295 હેઠળ આવકવેરાના નિયમો ઘડવાની  તેને સત્તા છે.
ii. કલમ 119 હેઠળ જ્યારે જરૂર જણાય ત્યારે આવકવેરા આધિકારીઓને હૂકમો તેમજ સૂચનો મોકલી શકે છે.અને અધિકારીઓએ તેનું પાલન કરવાનું હોય છે.જો કે ન્યાયકીય ફરજો બજાવતા આધિકારીઓને તેમની વિવાદ અરજીઓની સુનાવણીને ખલેલ પહોંચે તેવા સૂચનો કે હૂકમો આપવાની બોર્ડને સત્તા નથી.
iii. કોઇ પણ સંગઠનને કંપની જાહેર કરવાની સત્તા છે.
iv. આવકવેરા ધારા હેઠળ તપાસ અને જપ્તીની કાર્યવાહી અંગે વાંધાઓ સાંભળવાની સત્તા છે.
v. અમુક સંજાગોમાં પુનઃઆકારણી અંગેની નોટિસ મંજૂર કરવાની સત્તા છે.
vi. પેનલ્ટીની રકમ જતી કરવાની કે ઘટાડવાની પણ સત્તા છે.
vii. કલમ 119 હેઠળ કાયદાના અમલ અંગે પરિપત્રો બહાર પાડવાની સત્તા છે.

## (2) એપેલેટ ટ્રિબ્યૂનલ (વિવાદપંચ)-

એપેલેટ ટ્રિબ્યૂનલ (વિવાદપંચ) એ આવકવેરા ખાતાની વહીવટી પાંખથી સ્વતંત્ર એવી ન્યાયકીય સંસ્થા છે.

i. તેનું મુખ્ય કાર્ય ડેપ્યૂટી કમિશનર (અપીલ્સ) અથવા કમિશનર (અપીલ્સ) વિરુધ્ધ અપીલો સાંભળવાનું છે.કર ભરનાર અથવા તો સરકારનું ઇન્કમટેક્ષ ખાતું એ બંન્નેને ડેપ્યૂટી કમિશનર (અપીલ્સ) અથવા કમિશનર (અપીલ્સ)ના ચુકાદાથી સંતોષ ન થાય તો તેના ચુકાદાના 60 દિવસમાં તે એપેલેટ ટ્રિબ્યૂનલમાં ન્યાય માટે અપીલ કરી શકે છે.આવી અપીલ અંગે આકારણી કરેલ આવકના 1% કે વધુમાં વધુ ₹.10000 સુધીની રકમ ફી તરીકે જમા કરાવવાની હોય છે.

ii. તેમાં મધ્યસ્થ સરકારને ઠીક લાગે તેટલા ન્યાયખાતાના જાણકાર સભ્યોની નિમણૂંક કરવાની હોય છે.મધ્યસ્થ સરકાર સામાન્ય રીતે ન્યાયખાતાના અનુભવીની એપેલેટ ટ્રિબ્યૂનલના અધ્યક્ષ તરીકે નિમણૂંક કરે છે.તે ઉપરાંત નામાના જાણકાર સભ્યોની પંચમાં નિમણૂંક કરવામાં આવે છે.પંચની કાર્યવાહીની સરળતા ખાતર જુદા જુદા સભ્યોની બેંચ સુનાવણીની કાર્યવાહી હાથ ધરે છે.સામાન્ય રીતે દરેક બેચમાં એક ન્યાયખાતાના જાણકાર અને એક નામાના જાણકાર સભ્ય બેસે છે.

iii. સુનાવણીની કાર્યવાહી કર્યા બાદ એપેલેટ ટ્રિબ્યૂનલનો હુકમ કેસની હકીકતના મુદ્દા માટે આખરી ગણાય છે.તેની સામે અપીલ થઇ શકતી નથી.જો કે કાયદાકીય પ્રશ્ન હોય તો હાઇકોર્ટનો મત મેળવવા માટે એસેસી અથવા કમિશનર એપેલેટ ટ્રિબ્યૂનલને ભલામણ કરી શકે છે.

iv. પરંતુ જો એપેલેટ ટ્રિબ્યૂનલનું મંતવ્ય જુદું હોય અને હાઇકોર્ટમાં મોકલવાની ના પાડે તો એસેસી અથવા કમિશનર હાઇકોર્ટને સીધી અરજી પણ કરી શકે છે.

## (3) સમાધાનપંચ (સેટલમેન્ટ કમિશન)-

આ પંચની રચના મધ્યસ્થ સરકાર કરે છે.આ પંચમાં એક ચેરમેન, એક અથવા વધુ વાઇસ ચેરમેન ઉપરાંત અન્ય સભ્યોની નિમણૂંક કરવામાં આવે છે.આ પંચનું મુખ્ય કાર્ય કોર્ટમાં ચાલતા આવકવેરાના વિવાદો અંગે એસેસીની અરજીના અનુંસંધાનમાં સામાધાનકારી રસ્તો સૂચવવાનું છે.

કોઇ પણ કોર્ટમાં ચાલતા આવકવેરાને લગતા કેશોના કોઇ પણ તબક્કે સમાધાનકારી નિરાકરણ માટે એસેસી આ પંચને નિયત ફોર્મમાં અરજી કરી શકે છે.

કેશના નિરાકરણ માટેની અરજી અંગે નીચેની વિગતો ધ્યાનમાં રાખવી આવશ્યક છે:

i. જ્યારે દરોડાને પરિણામે આવકવેરા અધિકારીએ હિસાબી ચોપડા કે અન્ય દસ્તાવેજો કે મિલકતો જપ્ત કર્યા હોય અને આકારણીની કાર્યવાહી શરૂ કરવામાં આવી હોય ત્યારે ચૂકવવાપાત્ર વધારાના આવકવેરાની રકમ ₹.50લાખથી વધુ હોય તો જ  આ પંચને અરજી કરી શકાય છે.
ii. અન્ય કોઇ પણ પરિસ્થિતિમાં ચૂકવવાપાત્ર આવકવેરાની રકમ ₹.10લાખથી વધુ હોય તો જ આ પંચને અરજી કરી શકાય છે.
iii. અરજી સાથે સંબંધિત હિસાબો તેમ જ આવી અરજી માટે નિયત કરેલી ₹.500ની ફી ભર્યા અંગેનું ચલણ પણ મોકલવાનું હોય છે.
iv. જો કોઇ એસેસીના હિસાબી ચોપડા,રોકડ,સોનું-ચાંદી,ઝવેરાત કે અન્ય કિંમતી મિલકતો જપ્ત કરવામાં આવી હોય તો જપ્તીની તારીખથી 120 દિવસ પછી જ કેસના નિરાકરણ માટે અરજી કરી શકાય છે.

આ પંચ કેશ અંગે કમિશનર મારફતે જરૂરી તપાસ કરે છે.અને એસેસી તથા કમિશનરને રૂબરૂ સુનાવણી માટે બોલાવ્યા પછી કેસ અંગે પોતાનો નિર્ણય જાહેર કરે છે જે આખરી ગણાય છે, તેની સામે અપીલ થઇ શકતી નથી.જો કે એસેસીએ પંચને ખોટી માહિતી આપી હોય તો પંચનો નિર્ણય રદ કરી શકાય છે.

**(4) ચીફ કમિશનર ઓફ ઇન્કમટેક્સ અથવા ડાયરેક્ટર જનરલ ઓફ ઇન્કમટેક્સ:** તેમની નિમણૂક મધ્યસ્થ સરકાર કરે છે અને મધ્યસ્થ મહેસૂલી મંડળની સૂચના મુજબ તેમણે કાર્ય કરવાનું હોય છે. તેમના હાથ નીચે કેટલાક ઇન્કમટેક્સ ઑફિસરો હોય છે, જેમને તેઓ એસેસમેન્ટ અંગે જરૂરી હુકમો આપે છે. તેમનું કાર્ય મુખ્યત્વે આકારણી અંગે તપાસ તેમ જ દેખરેખ રાખવાનું હોય છે. આવકવેરા વહીવટીતંત્રની જરૂર પ્રમાણે આવા અધિકારીઓની નિમણૂક કરવામાં આવે છે.

ડિરેક્ટર્સ જનરલ ઓફ ઇન્કમટેક્સની સત્તાઓ નીચે મુજબ છે

1) આવકવેરા અધિકારીઓને સૂચનાઓ આપવી.
2) છુપાવેલી આવક અંગે તપાસ કરવી.
3) દરોડા પાડવાની સત્તા (Search and Seizure)
4) હિસાબી ચોપડા વગેરે મંગાવવા.
5) ધંધા કે વ્યવસાયના સ્થળે તપાસ (Survey) કરાવવી.
6) જરૂરી માહિતી એકત્ર કરાવવી અને કાયદા હેઠળ જરૂરી હોય તેવી કોઈ પણ બાબત અંગે પૂછપરછ કરાવવી.

Prof. Dharmendra A Patel, Naroda College Naroda, Ahmedabad

**(5) કમિશનર ઓફ ઇન્કમટેકસ (Commissioner of Income-tax) :** તેમની નિમણૂક પણ મધ્યસ્થ સરકાર કરે છે. નિયત કરેલ વિભાગના આવકવેરાતંત્રના તે મુખ્ય અધિકારી છે. સામાન્ય રીતે દરેક જુદા જુદા રાજ્યદીઠ આવા અધિકારીની નિમણૂક કરવામાં વે છે. જો કે કેટલીક વાર એક જ વિસ્તાર માટે બે કે વધુ કમિશનર પણ હોઈ શકે. તેના હાથ નીચે તે વિભાગના ડેપ્યૂટી કમિશનરો તેમ જ ઇન્કમટેક્સ ઑફિસરો કાર્ય કરે છે. કમિશનરને પોતાના તંત્રમાં જરૂર પ્રમાણે બીજા વર્ગના ઇન્કમટેક્સ ઑફિસરો તેમ જ ઇન્સ્પેક્ટરો નીમવાની સત્તા આપવામાં આવેલ છે. આ ઉપરાંત તેને આવકવેરા ધારા માટે દીવાની અદાલતોની જેમ - સિવિલ પ્રોસિજર કોડની નીચે જણાવેલી સત્તાઓ આપવામાં આવેલી છે :

1) કોઈ પણ શખસને હાજર રહેવાની ફરજ પાડવાની તથા તેને સોગંદ ઉપર તપાસવાની
2) કોઈ પણ શખસના ચોપડા તથા દસ્તાવેજો રજૂ કરવા ફરજ પાડવાની
3) તપાસપંચ નીમવાની
4) કોઈ શખસ ઉપર જણાવ્યા મુજબ ચોપડા અથવા દસ્તાવેજ અથવા, બીજી કોઈ પણ જરૂરી વસ્તુ અથવા માહિતી, નોટિસ આપવા છતાં રજૂ ન કરે તો તેવા શખસના રહેઠાણનાં મકાન અથવા ધંધાની જગ્યાએ પ્રવેશ કરી તપાસ (શોધખોળ) કરવાની તેમ જ તે મેળવવાની.
5) એક ઇન્કમટેક્સ ઑફિસર પાસેથી અન્ય ઇન્કમટેક્સ ઑફિસરને કોઈ પણ ફાઈલ તબદીલ કરવાની
6) તેઓ રિફંડ આપવાનો સમય લંબાવી શકે છે. મુદત પૂરી થયા પછી પુન: આંકણીની નોટિસ કઢાવી શકે છે. ફરીથી ઑર્ડર કઢાવી શકે છે અને ભૂલો સુધારી શકે છે.

**(6) ડેપ્યૂટી કમિશનર્સ અથવા ડાયરેક્ટર્સ ઑફ ઇન્કમટેક્સ (Deputy Commissioners):**

બીજા આવકવેરા અધિકારીઓની જેમ તેની નિમણૂક પણ મધ્યસ્થ સરકાર બોર્ડની સલાહ મુજબ કરે છે. તેમનું મુખ્ય કાર્ય કરચોરી શોધી કાઢવાનું અને નીચલા અધિકારીઓના કાર્ય પર દેખરેખ રાખવાનું છે. એક કમિશનરના હાથ નીચે ઘણા ડેપ્યુટી કમિશનરો કામ કરતા હોય છે અને તેમને દરેકે તેમના કમિશનરની હકૂમતના વિભાગ પૈકી જુદા જુદા ભાગોમાં કામ કરવાનું હોય છે. દરેક ડેપ્યૂટી કમિશનરને સોંપવામાં આવેલ વિભાગમાં કામ કરતા ઇન્કમટેક્સ ઑફિસરો તેની દોરવણી નીચે કાર્ય કરે છે. ઘણી વખત કેટલાક મહત્ત્વના તેમ જ અટપટા કેસોમાં તેણે કમિશનરના હુકમ અનુસાર ઇન્કમટેક્સ ઑફિસરોની ફરજો પણ બજાવવાની હોય છે. આમ, ઇન્કમટેક્સ ઑફિસરને આપવામાં આવેલ તમામ સત્તાઓ ઉપરાંત તેમણે ઘણી મહત્ત્વની તેમ જ વિશાળ સત્તાઓ આપવામાં આવી છે.

**નોંધ:** આકારણી અધિકારીઓ (Assessing Officers) શબ્દમાં આસિસ્ટન્ટ કમિશનર, ડેપ્યૂટી કમિશનર્સ કે આવકવેરા અધિકારીનો સમાવેશ થાય છે.

Prof. Dharmendra A. Patel, N. P. Patel College, Naroda, Ahmedabad

## (7) ઇન્કમટેક્સ ઑફિસર્સ (Income-tax/ Assessing Officers):

(1) ઇન્કમટેક્સ ઑફિસરો બે પ્રકારના છે : પ્રથમ વર્ગના અને બીજા વર્ગના પ્રથમ વર્ગના ઇન્કમટેક્સ ઑફિસરો ની નિમણૂક મધ્યસ્થ સરકાર કરે છે, જ્યારે બીજા વર્ગના ઑફિસરોની નિમણૂક કમિશનર ઑફ ઇન્કમટેક્ષ કરે છે. આવકવેરા અધિકારીએ આવકવેરા કિમશનર, ઇન્સ્પેક્ટિંગ આસિસ્ટન્ટ કમિશનર તેમ જ ડાયરેક્ટર ઓફ ઇન્સ્પેક્શનના હાથ નીચે ફરજો બજાવવાની હોય છે અને તેમના માર્ગદર્શન પ્રમાણે સોંપવામાં આવેલ વિસ્તાર તથા શખસો અંગે કામગીરી કરવાની હોય છે.

(2) આવકવેરાના વહીવટીક્ષેત્રમાં ઈન્કમટેક્સ ઓફિસર ઘણું મહત્ત્વનું સ્થાન ધરાવે છે. તે કર ભરનાર એસેસી વર્ગના સીધા સંપર્કમાં આવનાર અધિકારી છે. આવકની આકારણી કરવાની તેમ જ નક્કી થયેલ કર વસૂલ કરવાની મહત્વની જવાબદારી તેમને શિરે હોય છે, જો કોઈ એસેસી આવકવેરા અધિકારીએ મોકલેલ ઑર્ડરથી સંતુષ્ટ ન હોય તો ડિમાન્ડ નોટિસ મળ્યા તારીખથી 30 દિવસમાં આવકવેરા કમિશનર (અપીલ) સમક્ષ પોતાનો વાંધો રજૂ કરતી અપીલ કરી શકે છે. તેના કાર્યમાં મદદ કરવા માટે ઇન્કમટેક્સ ઇન્સ્પેક્ટર્સ તેમની દોરવણી નીચે કાર્ય કરતા હોય છે. તેમના અગત્યતાના કારણે તેમને વહીવટી તેમ જ ન્યાયકીય સત્તાઓ આપવામાં આવેલ છે.

(3) તેને સોંપવામાં આવેલ વિભાગમાં વસતા કરદાતાની આવકની આકારણી કરવા ઉપરાંત તેણે પોતાની ઑફિસમાં કામ કરતા ઇન્સ્પેક્ટરોની તેમ જ બીજા કર્મચારીઓ પાસે ઑફિસનું રોજિંદું કામકાજ કરાવવાનું હોય છે. તેમ જ તેમણે કરેલ કામ ઉપર ઘણી ચોકસાઈપૂર્વકની દેખરેખ રાખવાની હોય છે.

Prof. Dharmendra A Patel N.P. Patel College Naroda Ahmedabad

## આકારણી અધિકારીની સત્તાઓ (Powers) પૈકીની કેટલીક મહત્વની સત્તાઓ નીચે મુજબ છે:

1) આકારણી કરવાની સત્તા
2) એસેસીને તેના હિસાબો ઑડિટ કરાવવા માટે આદેશ આપવાની સત્તા
3) આકારણીમાંથી છટકી ગયેલી આવકની પુનઃઆકારણી કરવાની સત્તા,
4) કાયમી ખાતા નંબરની ફાળવણીની સત્તા.
5) જરૂરી માહિતી મંગાવવાની સત્તા,
6) અમુક માહિતી એકત્ર કરવાની સત્તા.
7) કંપની રજિસ્ટર ઇન્સ્પેક્ટ કરવાની સત્તા.
8) એસેસીએ સ્વયં-નિર્ધારણ મુજબ નહિ ચૂકવેલ આવકવેરા અંગે પેનલ્ટી લેવાની સત્તા,
9) જે મકાન-મિલકતોનો ધંધા-વ્યવસાય માટે અંશતઃ ઉપયોગ થતો હોય તે મિલકતને લગતા પ્રમાણસર ખર્ચા નક્કી કરીને કપાત મંજૂર કરવાની સત્તા.
10) ધંધાના માલિક તેમ જ બીજી કોઈ પણ વ્યક્તિને હાજર રાખવાની તેમ જ સોગંદ ઉપર તપાસવાની સત્તા.
11) તેમણે તપાસેલ ચોપડાનો ઉતારો તેમ જ ચોપડામાં નોંધેલ વિગતોની યાદી માટે નિશાનીઓ કરવાની પણ સત્તા છે.
12) ઉપરથી અધિકૃત હોય તો search and seizureની સત્તા
13) રેકોર્ડ્સના આધારે દેખીતી રીતે તરી આવતી ભૂલો સુધારવાની સત્તા (પોતાની રીતે કે એસસીની અરજીના આધારે).
14) ટેક્સની ચુકવણીમાં કસૂર કરનાર પાસેથી પેનલ્ટી લેવાની સત્તા.
15) રિફંડ મંજૂર કરવાની સત્તા તેમ જ કોઈ પણ બાકી ટેક્સ - ડિમાન્ડની સામે રિફંડની રકમ એડજસ્ટ કરવાની સત્તા.
16) અમુક સંજોગોમાં રિફંડ રોકી રાખવાની સત્તા
17) એસેસીની આવકમાંથી મૂળ સ્થાને આવકવેરો નહિ કાપવા માટે પ્રમાણપત્ર આપવાની સત્તા.

18) એસેસીએ મેળવેલ બાકી પગાર (arrears of salary) અંગે રાહત આપવાની સત્તા
19) પ્રત્યક્ષ કરવેરાના કાયદા હેઠળ એસેસીની જવાબદારી સાથે જપ્ત કરેલ મિલક્તનો નિકાલ કરવાની સત્તા.

**(8) ઈન્કમટેક્સ ઈન્સ્પેક્ટર્સ (Income-tax Inspectors)-**

તેમની નિમણૂક કમિશનર કરે છે. તેમણે ઈન્કમટેક્સ ઓફિસરની દોરવણી નીચે કામ કરવાનું હોય છે. તેમનું મુખ્ય કાર્ય નક્કી કરેલા વિભાગમાં ફરીને આવકવેરાને પાત્ર શખસોને શોધવાનું તેમ જ ઇન્કમટેક્સ ઑફિસરની સૂચના અનુસાર વૉર્ડમાં ફરીને માહિતી મેળવવાનું હોય છે.

Prof.Dharmendra A Patel. N P Patel College Naroda, Ahmedabad